## જન્મદિને વધામણી



દિલીપ આર રાવલ
જ્યોતિષી, વાસ્તુશાસ્ત્રી
મો. ૯૯૨૪૬ ૧૮૯૫૧

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મ-દિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય.

- સંપાદક

# આરોગ્ય ક્ષેત્રે ગાંધીનગરના તબીબોની અનોખી સિદ્ધિ

## મહિલા દર્દીના બંને પગના ઘૂંટણના પ્રત્યારોપણની શસ્ત્રક્રિયા ડૉ. વિવેક વાછાણી - ડૉ. મુકુલ પંડિતે એક જ સાથે પાર પાડી




ગાંધીનગર, તા. ૬

ગાંધીનગરનાં રહેવાસી ૬૫ વર્ષીય શાંતાબેન પટેલના બંને પગના ઘૂંટણના પ્રત્યારોપણની શસ્ત્રક્રિયા (ની રિપ્લેસમૅન્ટ ઑપરેશન) એક જ સાથે પાર પાડીને ડૉ. વિવેક વાછાણી અને ડૉ. મુકુલ પંડિતે અનોખી સિદ્ધિ પ્રાપ્ત કરવામાં સફળતા મેળવી છે.


કુડાસણ ખાતે કાર્યરત વાછાણી ઑર્થોપેડિક હૉસ્પિટલ ખાતે આ સફળતમ ઑપરેશન ડૉ. વિવેક વાછાણી અને ડૉ. મુકુલ પંડિતે પાર પાડ્યું હતું.

સામાન્ય રીતે એક જ પગના ઘૂંટણનું પ્રત્યારોપણ કરવામાં આવતું હોય છે અને દર્દીને રાહત મળે પછી બીજા પગના ઘૂંટણનું પ્રત્યારોપણ કરવામાં આવે છે, પરંતુ આ કિસ્સામાં તબીબો બંને પગના ઘૂંટણનું પ્રત્યારોપણ એક જ સાથે કરીને નવું ઉદાહરણ સ્થાપિત કર્યું છે.

ઉલ્લેખનીય છે કે ઘૂંટણના ઘસારાને કારણે દર્દથી પીડાતા શાંતાબેન પટેલની આ શસ્ત્રક્રિયા સ્નાયુ કાપ્યા વિના કરવામાં આવી છે. આ ઑપરેશન પછી દર્દી બહુ ઓછા સમયમાં સામાન્ય રીતે ચાલી શકે છે અને તેને ખૂબ ઓછી કસરતની જરૂર પડે છે.

તબીબ દ્વારા આ ઑપરેશનમાં દર્દીને અનુરૂપ ઈમ્પ્લાન્ટનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. આવી સુવિધા ખાસ કરીને ઘૂંટણથી પીડાતા વડીલો માટે આશીર્વાદ સમાન સાબિત થઈ શકે તેમ છે.

# શુક્રવારે નગરના ટાઉનહૉલમાં 'સંતવાણીની સુવાસ' પ્રસરશે



ગાંધીનગર, તા. ૬

ગાંધીનગરની સંસ્થા કલાગુર્જરી, સૌરાષ્ટ્ર કચ્છ સમાજ સેવા ટ્રસ્ટ અને ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમીના સંયુક્ત ઉપક્રમે સંત કવયિત્રીઓનાં લોકપ્રિય અને અમર ભજનોનો વિશિષ્ટ અને અનોખો કાર્યક્રમ ગાંધીનગર ખાતે યોજવામાં આવ્યો છે. આ અંગેની વિગતો આપતાં કલાગુર્જરીના પ્રમુખ ઍન પી પટેલ, સંગીત નાટક અકાદમીના સભ્ય સચિવ જે આર નાયક અને સૌરાષ્ટ્ર કચ્છ સમાજ સેવા ટ્રસ્ટના પ્રમુખ જિલુભા ધાધલે જણાવ્યું છે કે 'સંતવાણીની સુવાસ' નામક આ કાર્યક્રમ આગામી તા. ૯ જૂન ને શુક્રવારના રોજ રાત્રે ૯.૩૧ કલાકે ગાંધીનગર ટાઉનહૉલ ખાતે યોજાઈ રહ્યો છે.

કાર્યક્રમ અંતર્ગત સંત કવયિત્રી મીરાંબાઈ, ગંગાસતી, સતી લોયણ, સતી તોરલ, સતી લિરલબાઈ, રૂપાંદે વગેરેનાં ભજનોનું ગાન હેમંત ચૌહાણ, નિરંજન પંડ્યા, ભારતીબેન વ્યાસ દ્વારા કરાવવામાં આવશે. આસ્વાદ ડૉ. નિરંજન રાજ્યગુરુ દ્વારા કરાવવામાં આવશે.

### ડાયરેક્ટ ❤ સે

રોજ
જીર્ણોદ્ધાર પામે
ધર્મસ્થાનો આપણાં
કોઈએ
માણસ સતત ખરતો હતો
એ જોયું જ નહીં

- સુનિલ શાહ

### મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૨**
ડિયર માયા
૩.૪૫, ૬.૪૫, ૧૦.૦૦

**સ્ક્રીન-૩**
બેવૉચ (૩ડી, અંગ્રેજી)
૧૨.૩૦, ૮.૦૦
બેવૉચ (૩ડી, હિન્દી)
૩.૦૦, ૧૦.૩૦
પાઈરેટ્સ ઑફ ધી કૅરેબિયન (૩ડી, હિન્દી) ૫.૩૦

**સ્ક્રીન-૪**
કરસનદાસ પે ઍન્ડ યુઝ (ગુજરાતી)
૧.૦૦
બાહુબલિ-૨
૩.૪૫, ૯.૩૦
હિન્દી મીડિયમ
૭.૦૦

**સ્ક્રીન-૫**
સ્વીટી વેડ્સ ઍનઆરઆઈ
૧૦.૦૦, ૧૨.૪૫, ૪.૦૦, ૧૦.૦૦
સચિન
૭.૧૫

# વિષ્ણુ પંડ્યાનો અભિવાદન સમારોહ યોજાયો





ગાંધીનગર, તા. ૬

ગુજરાતી સાહિત્ય પરિષદ સંચાલિત ક. લા. સ્વાધ્યાય મંદિર હેઠળ ચાલતા પત્રકારત્વ પ્રમાણપત્ર અભ્યાસક્રમના વર્ષ ૨૦૧૨થી ૨૦૧૬ સુધીના વિદ્યાર્થીઓએ તેમને પત્રકારત્વનો ઈતિહાસ ભણાવતા વિષ્ણુ પંડ્યાને પદ્મશ્રી ઍવોર્ડ મળવાની ખુશી વ્યક્ત કરવા એક અભિવાદન સમારોહનું આયોજન તાજેતરમાં કર્યું હતું. આત્મા ઑડિટોરિયમ, આશ્રમ રોડ, અમદાવાદ ખાતે આયોજિત આ અભિવાદન સમારોહની શરૂઆતમાં પત્રકાર પરીક્ષિત જોષીએ વિષ્ણુ પંડ્યાની ૫૦ વર્ષની પત્રકાર, સાહિત્યકાર અને ઈતિહાસકાર તરીકેની લાંબી સફરનો વિગતે પરિચય આપ્યો હતો. એ પછી પત્રકારત્વના વિવિધ વર્ષના વિદ્યાર્થીઓ પૈકી ધારિણી સોલંકી, હિતાંશ જૈન, હિરવા ત્રિવેદી અને હાર્દિક વ્યાસે વિષ્ણુ પંડ્યા સાથેનાં પોતાનાં સંસ્મરણો વાગોળ્યાં હતાં.

કાર્યક્રમ અંતર્ગત વિષ્ણુ પંડ્યાને શાલ ઓઢાડીને તેમનું અભિવાદન કરવામાં આવ્યું હતું. વિષ્ણુ પંડ્યાએ સાંપ્રત પત્રકારત્વ વિષયે પોતાનું વ્યાખ્યાન આપ્યું હતું અને પ્રેક્ષકો સાથે સીધો સંવાદ યોજ્યો હતો. કાર્યક્રમના અંત ભાગમાં ચિરાગ ઠક્કર દ્વારા આભાર દર્શન કરાયું હતું.

# બીએના કોર્સમાં પ્રવેશ માટે ઑનલાઈન રજિસ્ટ્રેશનનો પ્રારંભ કરવામાં આવ્યો

## કોમર્સ માટે ઓનલાઈન રજિસ્ટ્રેશન ૮મીથી

ગાંધીનગર, તા. ૬

ગુજરાત યુનિવર્સિટી સાથે જોડાયલી બી.કોમ સહીતના પાંચ કોર્સ અને બી.એ.ની પ્રવેશ પ્રક્રિયા ઓનલાઈન પ્રવેશ પ્રક્રિયા પ્રમાણે જ પ્રવેશ આપવાનું નક્કી કરાયુ છે. મંગળવારથી બી.એ.કોલેજોમાં પ્રવેશ માટે ઓનલાઈન રજિસ્ટ્રેશન કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. અને બી.કોમમાં પ્રવેશ માટે નિર્ધારીત સમય પ્રમાણે તા.૮મીથી જ ઓનલાઈન રજિસ્ટ્રેશનની પ્રક્રિયા શરૂ કરવામાં આવશે.

યુનિવર્સિટી દ્વારા નિર્ધારીત કાર્યક્રમ પ્રમાણે જ એટલે કે તા. ૮મીથી બી.કોમ સહીતના પાંચ કોર્સ માટે ઓનલાઈન રજિસ્ટ્રેશન શરૂ કરવામાં આવશે.

ગુજરાત યુનિવર્સિટી દ્વારા અગાઉથી જ આ અંગેની જાહેરાત કરી દેવામાં આવી હતી અને આ નિયત કાર્યક્રમ મુજબ મંગળવારથી ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન કૉલેજીસમાં બીએના અભ્યાસક્રમમાં પ્રવેશ માટેનાં ફૉર્મ ભરવા માટે ઑનલાઈન પ્રક્રિયાનો આરંભ થઈ ચૂક્યો છે.

ઉલ્લેખનીય છે કે ગુજરાત યુનિવર્સિટી પાસે હાલમાં બી.કોમની ૩૭૬૯૦ જેટલી બેઠકો છે. અન્ય કોર્સની બેઠકોની ગણતરી કરવામાં આવે તો બી.કોમ પ્રવેશ સમિતિ પાસે અંદાજે ૪૦ હજાર જેટલી બેઠકો ઉપલબ્ધ હોવાનું માનવામાં આવે છે.

# ધોરણ-૧૨ પછી કોમ્પ્યુટર ક્ષેત્રની પસંદગી ઉજ્જવળ કારકિર્દી માટે ઉત્તમ પસંદગી

ગાંધીનગર, તા.૬

ભારતમાં તમામ રાજયોમાં અત્યારે શાળા કૉલેજોના પરિણામની મોસમ ચાલે છે. હમણાં જ ગુજરાતમાં ધોરણ-૧૨ના સામાન્ય પ્રવાહનું પરિણામ જાહેર થઈ જતા ઉજ્જવળ કારકિર્દી માટે આગળ કેવા ક્ષેત્રમાં અભ્યાસ કરવો તે વાલી અને વિદ્યાર્થી બંને માટે વધુ ચિંતાનો વિષય છે. ધો.૧૨ પછી ઉજ્જવળ કારકિર્દી માટે ઉપલબ્ધ દરેક વિકલ્પો પૈકી કમ્પ્યુટરનો વિકલ્પ ઉત્તમ છે.

આજના ઈન્ફોર્મેશન અને કોમ્યુનિકેશન ટેકનોલોજી/મોબાઈલના આ યુગમાં જાણે બધું જ આંગળીના ટેરવે થઈ ગયું છે એનું મૂળ કારણ કોમ્પ્યુટર છે. કોમ્પ્યુટરની શોધ થઈ ત્યારથી આજદિન સુધી તેનો સતત વિકાસ થતો રહ્યો છે અને રહેશે. આજે દુનિયાનું કોઈ ક્ષેત્ર એવું નથી કે જેમાં કોમ્પ્યુટરનો ઉપયોગ ન હોય અને તેથી જ કોમ્પ્યુટરનું જ્ઞાન હોય તેવા યુવાનો માટે આજે નોકરી અને ધંધામાં અગણિત તકો ઉપલબ્ધ છે. ગુજરાતમાં ઍંસીના દાયકામાં જયારો કોમ્પ્યુટરનો અભ્યાસક્રમ શરુ થયો ત્યારે માત્ર સાયન્સના વિદ્યાર્થીઓ જ કોમ્પ્યુટરનો અભ્યાસ કરી શકતા હતા. ધોરણ-૧૨ના સામાન્ય પ્રવાહના વિદ્યાર્થીઓ માટે ખુબ જ ઓછા વિકલ્પો હતા અને ટેકનિકલ ક્ષેત્રે તો લગભગ નહીવત તકો હતી. ૮૦-૯૦નાં દાયકામાં ધો.૧૦ પછી વિદ્યાર્થી એક વખત કોમર્સ કે આર્ટસના વિષયો પસંદ કરે પછી તેને ટેકનિકલ વિષયો ભણવાની તક લગભગ મળતી ન હતી એટલે કે કોમ્પ્યુટર ક્ષેત્રના વિષયોમાં અભ્યાસની તકો ઊભી થઈ છે. સામાન્ય પ્રવાહના વિદ્યાર્થીઓ માટે આ ક્ષેત્રના ઉપલબ્ધ વિકલ્પોમાં બી.સી.એ.નો અભ્યાસ એક શ્રેષ્ઠ વિકલ્પ છે.

કારણ કે આજે બીસીએના અભ્યાસક્રમમાં સ્નાતક કક્ષાએ જરૂરી તમામ પાસાઓ જેવા કે ઓફિસ, ઓટોમેશન, ડેટાબેઝ, મેનેજમેન્ટ કમ્યુનિકેશન સ્કીલ, ઓડિયો વિજયુઅલ, મલ્ટીમીડિયા, પ્રોગ્રામિંગ વગેરેને આવરી લેવાયા છે અને તેથી સોફટવેર ડેવલપમેન્ટની મલ્ટીનેશનલ કંપનીઓમાં, બેન્કોમાં, વીમા કંપનીઓમાં, ટેલિકોમ્યુનિકેશનમાં કે કોઈ પણ સરકારી નોકરીઓમાં કોમ્પ્યુટરના નિષ્ણાતોને પ્રથમ પસંદગી આપવામાં આવે છે. ભારત સરકાર દ્વારા આજે મેક ઈન ઈન્ડિયા અને ડિજિટલ ઈન્ડિયા જેવી યોજનાઓ અમલમાં મૂકવામાં આવી છે. ત્યારે આ ક્ષેત્રના વિકાસમાં કોમ્પ્યુટર નિષ્ણાતોની પ્રથમ જરૂરિયાત ઊભી થઈ છે તે અત્યંત સ્વાભાવિક છે. ગુજરાતીઓ માટે ધંધો તો જાણે ગળથુંથીમાં હોય છે. ગુજરાતીઓ પહેલેથી જ નોકરી કરવા કરતાં નોકરી માટે તકો ઊભી કરવા માટે જાણીતા છે.

# એક ખતરનાક રમત : સુખને મુલતવી રાખવાની

માનવીય સંબંધો અને સુખ વિષેના એક સેમિનારમાં પોતાની વ્યાવસાયિક કારકિર્દીની શરૂઆત કરતાં ત્રિસેક યુવાનો અને યુવતીઓ સહભાગી થયા હતા. સેમિનારના તજજ્ઞએ સહભાગીઓને એક પ્રશ્ન કર્યો કે તમારા જીવનની સુખની કે ખુશીની શ્રેષ્ઠ ક્ષણ કઈ હતી? દરેક સહભાગીએ વ્યક્તિગતરીતે, સચ્ચાઈથી અને પ્રમાણિકતાથી પોતાનો પ્રતીભાવ આપવાનો હતો. પ્રશ્ન સાંભળીને સૌ પ્રથમ તો સૌ મૂંઝવણમાં મુકાઈ ગયા અને કહ્યું કે પોતાના જીવનની સુખની કે ખુશીની શ્રેષ્ઠ ક્ષણ કઈ છે એવું તો ક્યારેય વિચાર્યું જ નથી. તજજ્ઞ સૌ સહભાગીઓ સાથે સંમત થયા અને કહ્યું કે દરેક વ્યક્તિના જીવનની સુખની કે ખુશીની શ્રેષ્ઠ ક્ષણ તો હોય જ છે પણ આપણે આના વિષે ભાગ્યે જ વિચારતા હોઈએ છીએ. તજજ્ઞએ સૌને વિચારવાનો થોડો સમય આપ્યો અને પછી પ્રતિભાવો આપવા કહ્યું.

સહભાગીઓએ આપેલા કેટલાક પ્રતિભાવો આ પ્રમાણે હતા;

માતાને ગંભીર બીમારીમાંથી નવું જીવન મળ્યું એ ક્ષણ, મિત્ર ભયાનક અકસ્માતમાંથી બચી ગયો એ ક્ષણ, બહેનના તેની ઈચ્છા પ્રમાણે લગ્ન થઈ ગયા એ ક્ષણ, ઘરમાં ભાભીનાં કુમકુમ પગલાં થયા એ ક્ષણ, નાની બહેનને પોતાને ગમતી ફેકલ્ટીમાં પ્રવેશ મળી ગયો એ ક્ષણ, બારમાં ધોરણમાં પોતાને અપેક્ષા કરતાં વધારે માર્કસ આવ્યા એ ક્ષણ, મોટાભાઈને ઘેર દીકરીનો જન્મ થયો એ ક્ષણ, કોઈ અજાણી વ્યક્તિને અણીના સમયે ડૂબતી બચાવી એ ક્ષણ, પિતાજીએ પોતાને નવી બાઈકની ભેટ આપી એ ક્ષણ, લેહ-લદાખની ટોચ ઉપર પોતે પગ મૂક્યો એ ક્ષણ, એક લાંબા પ્રવાસ દરમિયાન મિત્રો અને સહપ્રવાસીઓ સાથે ખૂબ જ ધિંગામસ્તી કરી એ ક્ષણ, ભારત ક્રિકેટમાં વિશ્વવિજેતા બન્યું એ ક્ષણ, ભારતને કારગીલ યુધ્ધમાં સફળતા મળી એ ક્ષણ, મનસરોવરની યાત્રા દરમિયાન વહેલી સવારે નિહાળેલા ખરતા તારા, ગીરના જંગલના પ્રવાસ દરમિયાન ખૂબ જ નજદીકથી નિહાળેલું સિંહનું આખું કુટુંબ, મનગમતા ફિલ્મસ્ટાર સાથે હસ્તધૂનન અને ખેંચેલી સેલ્ફી, સચિન તેંદુલકર પાસેથી લીધેલો તેનો ઓટોગ્રાફ, પોતાને મનગમતા સંગીતકારનો માણેલો સંગીતનો જલસો, પોતાને ગમતી સાંસ્કૃતિક પ્રવૃતિમાં પોતે રાજ્ય કક્ષાએ પ્રથમ વિજેતા થયા એ ક્ષણ અને આવી ઘણી બધી નાનીનાની ઘટનાઓ અને ખુશીની એ ક્ષણો.




vamlani@yahoo.co.uk

સૌ સહભાગીઓ જયારે પોતાના જીવનની સુખની કે ખુશીની શ્રેષ્ઠ ક્ષણનું વર્ણન કરતાં હતા ત્યારે તેઓની આંખમાં એક ઉત્સાહ, એક સંતોષ અને ખુશીની એક વિરલ ક્ષણ માણ્યાનો આનંદ દેખાતો હતો. પોતે જ્યારે એ ખુશીની ક્ષણને વાગોળતાં હતા ત્યારે પોતે ફરીવાર એ ક્ષણમાં ખોવાઈ ગયા હોય કે એ ભૂતકાળની ક્ષણ સાથે ઓતપ્રોત થઈ ગયા હોય એવી અનુભૂતિ કરતાં હતા. વર્ષો પહેલા પોતાની ખુશીની શ્રેષ્ઠ ક્ષણ માણી હોય અને ફરી પાછું કે વારંવાર એ ખુશીની ક્ષણ ને યાદ કરીને એ જ આનંદની અનુભૂતિ કરવી એ પણ જીવનનો એક લ્હાવો છે. ખુશી વિશેના સહભાગીઓના પ્રતિભાવો જાણીને સૌને તો આશ્ચર્ય થયું જ સાથે સાથે આનંદ પણ એ વાતનો થયો કે લોકો કેવી કેવી નાનીનાની ઘટનાઓ કે પ્રસંગોમાંથી પોતાની ખુશી શોધી લેતા હોય છે. એ સહભાગીઓમાથી કેટલાક એવા હતા કે જે સુખ કે ખુશીને ગમે ત્યાંથી શોધી, પકડી અને માણી લેવા માટે ટેવાયેલા હતા અને સુખને પોતાની જાતથી ક્યારેય છટકવા દેતાં ન હતા.



સુખ એ વ્યક્તિની મંઝિલ નથી, કાયમી મુકામ નથી, દૂર દેખાતું એક સ્વપ્ન કે દિવાસ્વપ્ન નથી. સુખને પામવા માટે આંખે નેજવા માંડીને દૂરના ભવિષ્યમાં દ્રષ્ટિપાત કરવાની જરૂર નથી. સુખને શોધવા માટે દીવો લઈને નીકળી ના પડાય. સુખ એ તીરની જેમ દૂરથી તકાતું નિશાન નથી. સુખ તો હમેશા આપણી આસપાસ મોતીના દાણાની જેમ વેરાયેલું જ હોય છે. સુખ તો આપણી સાથે જ આપણાં પડછાયાની જેમ જ રહેતું હોય છે. હા, સુખ તો આપણી અંદર જ હોય છે. સુખ એ તો આપણો સ્વભાવ છે, આપણો અભિગમ છે.

સુખને મુલત્વી રાખવાની કદાચ આપણને ટેવ પડી ગઈ છે. સુખને મુલત્વી રાખવાના બે જ કારણો હોય શકે. એક, સુખ જેવી કોઈ ચીજ છે એવું આપણે માનતા જ નથી અને બીજું, સુખને પામવાની આપણી યોગ્યતા જ નથી. હકીકતમાં સુખને મુલત્વી રાખનારા લોકો 'સુખ' શબ્દ થી જ ગૂંચવાયેલા હોય છે. તે લોકોને પોતાને જ ખબર નથી હોતી કે પોતાને શેમાંથી સુખ મળશે. સુખને મુલત્વી રાખવાની રમત સાથે આપણને એકદમ ફાવટ આવી ગઈ છે કારણ કે એ રમત ખૂબ જ સહેલી છે. એ રમત દરેક વ્યક્તિ રમી શકે છે. એ રમત જેટલી સહેલી છે એટલી જ ખાતરનાક પણ છે કારણ કે એ રમત આપણને સતત એવા ભ્રમમાં રાખે છે કે ભવિષ્યમાં આપણાં જીવનમાં સુખનો સાગર લહેરાશે. હકીકતમાં આવી રમત રમતી વ્યક્તિના જીવનમાં સુખનો સાગર લહેરાવાને બદલે માટે સુખ માત્ર ઝાંઝવાના નીર બનીને રહી જાય છે. જીવનની સફરમાં આ નીર આપણી આંખ સામે જ દેખાય, આપણે પકડવા પણ દોડીએ, જેટલી ઝડપથી આપણે દોડીએ એનાથી વધારે ઝડપથી એ ઝાંઝવા જેવુ સુખ આપણાથી આગળ નીકળી જાય. આમ થવાનું કારણ એ કે આપણે પોતે જ આપણાં સુખને મુલત્વી રાખીને આપણાથી આગળ ધકેલી દીધું હોય છે.

સુખ તો આવે અને જાય. એક સુખ જાય અને બીજું આવે. ત્રીજું આવે અને બીજું જાય. આમ સુખની આવન-જાવન એની મેળે ચાલ્યા કરે. આવેલા સુખને આપણે જ ઓળખવું પડે, ઓળખીને પકડવું પડે, પકડીને તેનો આનંદ માણવો પડે. સુખ ક્યારેય કોઈની રાહ નથી જોતું. એ તો ભૂતની ચોટી જેવું હોય, પકડાય તો આપણું અને ના પકડી શકીએ તો ગયું સમજો. આવેલા સુખને માણવાની તક ચૂકી ગયા તો બીજીવાર એ સુખ હાથમાં ના આવે.

ક્રમશઃ

## ગાંધીનગર સમાચાર

પાટનગરનું પોતીકું અને વાચકોનું વહાલું અખબાર ગાંધીનગર સમાચાર ગાંધીનગર શહેરને સમર્પિત કરે છે એક નવી પહેલ.....

ગ્રીન ગાંધીનગર અભિયાન
ગાંધીનગર સમાચાર

ગાંધીનગર સમાચાર ગાંધીનગરના સૌ પર્યાવરણ-પ્રેમીઓને નાગરિકો, સંસ્થાઓને વૃક્ષારોપણ માટે આહવાન કરે છે. આપના દ્વારા થયેલા વૃક્ષારોપણની તસવીરો 'ગાંધીનગર સમાચાર'માં પ્રગટ કરવામાં આવશે. તો ચાલો, વધુમાં વધુ વૃક્ષો વાવીએ અને નગરને વિશ્વનું સૌથી હરિયાળું પાટનગર બનાવીએ.